**પ્રાંતિજ વિધાનસભા બેઠક પરથી**

# ભાજપના ઉમેદવાર તરીકે વર્તમાન ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર પ્રબળ દાવેદાર....



તલોદ તા.૪

ગુજરાત વિધાનસભા ની ૧૮૨ બેઠક માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા જીતી શકે એવા ઉમેદવારો શોધવા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી આ માટે સાબરકાંઠા જિલ્લાની ચાર બેઠક માટે સેન્સ પ્રક્રિયા યોજાતા તેમાં પણ ખાસ પ્રાંતિજ વિધાનસભા બેઠક માટે વર્તમાન ધારાસભ્ય અને ગુજરાત સરકાર ના મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ પરમાર ને રિપિટ કરવા માટે ગામેગામ ટેકેદારો,સરપંચો અને પક્ષ ના નિષ્ઠાવાન અને સંગઠન કાર્યકરો દ્વારા નિરીક્ષકો સમક્ષ માગણી કરવામાં આવી હતી.

પ્રદેશ નિરીક્ષક તરીકે પૂર્વ ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજા અને પ્રશાંત કોરાટ સમક્ષ કાર્યકરો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે સમગ્ર રાજ્યમાં ત્રિપાંખિયો જંગ જમનાર છે જેમાં ભારતીય જનતા પાર્ટીના ગજેન્દ્ર સિંહ પરમાર સબળ ઉમેદવાર તરીકે લોકપ્રિય છે તેઓના મંત્રી તરીકે ની જવાબદારી હોવા છતાં પાંચ વર્ષ માં ગામેગામ રોડ, રસ્તા, પીવાના પાણીની વ્યવસ્થા તથા અન્ય વિકાસ કાર્યો ઉપરાંત બિન વિવાદસ્પદ વ્યક્તિત્વ ધરાવે છે તથા વ્યક્તિગત રીતે પણ કાર્યકરો સાથે જીવંત સંપર્ક જાળવી રાખે છે લોકોની પ્રાથમિક જરરિયાતો પૂર્ણ કરી સફળ ધારાસભ્ય તરીકે ઉભરી આવ્યા છે તલોદ ના પ્રણ પ્રશ્ન ગણાતા વર્ષોથી બંધ પડેલ એસ ટી ડેપો ને પુનઃ સ્થાપિત કરવા માટે મંજૂરી મળી ગઈ છે.

તેઓના ટેકેદારો નુ માનવું છે કે જો વર્તમાન ત્રિપાંખિયા જંગ માં પ્રાંતિજ વિધાનસભા બેઠક પાર્ટી એ કબજે કરવી હોય તો ગજેન્દ્રસિંહ પરમાર ને જ મેદાન માં ઉતારવામાં આવે તો ખૂબ જંગી બહુમતીથી વિજયી બનશે તેવો આશાવાદ ટેકેદારો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો જો ગજેન્દ્ર સિંહ ને પુનઃ પસંદગી કરવામાં આવશે તો તમામ સમાજો તેમને જંગી બહુમતીથી વિજયી બનાવશે તેવો સરપંચો એ પણ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો

# અરવલ્લી : દિવાળીમાં હવામાં ફાયરિંગ કરનાર જિલ્લા પંચાયતના પુત્ર ફરી વિવાદમાં : તંત્રની નાક નીચે ગેરકાયદે ખનન..!!





મોડાસા, તા. ૪

નેતાઓ નથી સમજતા કે સત્તા માત્ર પાંચ વર્ષની હોય છે આ લોકશાહી છે અને પછી લોકો વચ્ચે જ રહેવાનું છે, પણ આવા નેતાઓ સત્તાની આંધળી આંટીઘૂંટીમાં એટલા પરોવી જાય છે કે કશુય ભાન રહેતું નથી કે તેઓ શું કરી રહ્યા છે. તેઓ જે કામ કરે છે તે કાયદેસર છે કે ગેરકાયદેસર. હાલમાં જ અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ લાલસિંહ ચૌહાણના પુત્રએ દિવાળીના તહેવારોમાં હવામાં ફાયરિંગ કર્યું હતું, તે વિવાદ હજુ શાંત થયો નથી ત્યાં તો તેમના લાડકવાયા પુત્ર વીરભદ્રસિંહ ચૌહાણ (વિક્કી) ફરીથી વિવાદમાં આવ્યા છે. હવે ફાયરિંગ નહીં પરંતુ ગેરકાયદે ખનન કરવાની પ્રવૃત્તિને લઈને.

ભિલોડા તાલુકાના કિશનગઢ ગ્રામ પંચાયતની હદમાં આવેલી ઈન્દ્રાસી નદી નજીક ગૌચરમાં જિલ્લા પંચાયતના પ્રમુખ લાલસિંહ ચૌહાણના પુત્ર વીરભદ્રસિંહે ચૌહાણ (વિક્કી) ગેરકાયદે ખનન કર્યું હોવાનો પંચાયતની બોડીએ આક્ષેપ કર્યો છે. ગ્રામ પંચાયતના આગેવાનોએ જણાવ્યું કે, તેઓ ગૌચરની મુલાકાતે પહોંચ્યા હતા તે સમય દરમિયાન જાહેર મિલકત એવા ગૌચરમાં ગેરકાયદેસર રીતે ખનની કરવામાં આવ્યું છે. અને આ બધુ જિલ્લા પંચાયતના પ્રમુખના પુત્ર વીરભદ્રસિંહ ચૌહાણે (વિક્કી) આશરે એક હજાર ટ્રેક્ટર માટીની ગેરકાયદેસર ખનન કર્યું હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે એમ પણ જણાવ્યું કે, જ્યારે તેઓએ આ કામ અટકાવતા બિભત્સ વર્તન કર્યું હતું, એટલું જ નહીં સત્તાના નશામાં માનનિય પુત્રએ આખીય બોડીને સસ્પેન્ડ કરાવી દેવાની પણ ધમકી આપી હોવાનો કિશનગઢ ગ્રામ પંચાયતની બોડીએ આક્ષેપ કર્યો હતો. માનનીય પુત્રએ આવી ધમકી આપતા કિશનગઢ ગ્રામ પંચાયના આગેવાનોએ વિરોધ દર્શાવ્યો અને લાગતા વળગતા અધિકારીઓને આ બાબતે કાર્યવાહી કરવાની અપીલ કરી હતી.

કિશનગઢ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ કોટવાલ હંસાબહેન એ જણાવ્યું કે, અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખના પુત્રએ ઈન્દ્રાસી નદીના કિનારે ગૌચરની જમીનમાં કોઈપણ પ્રકારની મંજૂરી વિના આશરે ૧ હજાર ટ્રેક્ટર માટીનું જેસીબી થી ખોદકામ કર્યું છે. એટલું જ નહીં સત્તાના નશામાં આદિવાસી મહિલા સરપંચને અપશબ્દો બોલવાનો પણ મહિલા સરપંચે આક્ષેપ કર્યો હતો.

## સત્તાધિશોને સવાલ....??

ભિલોડા તાલુકાના કિશનગઢ ગ્રામ પંચાયતની હદમાં ચાલતા ગેરકાયેદ ખનની આટલી મોટી ઘટના સામે આવી છે તો અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગ શું કરે છે, હજુ સુધી ખાણ ખનીજ વિભાગ નિંદ્રાધિન છે કે શું તે પણ એક સવાલ છે. શું ખાણખનીજ વિભાગ જાણવા છતાં પણ કાર્યવાહી કરવામાં પાછીપાની કરી રહ્યું છે ?

## ભિલોડા તંત્ર અજાણ કે ઢોંગ?

ભિલોડા તાલુકાના કિશનગઢ ગ્રામ પંચાયત વિસ્તારોમાં ખનની પ્રવૃત્તિ ચાલતી હતી ત્યારે મહિલા સંરપંચ સહિત પંચાયતની બોડીએ આ કામગીરી અટકાવી તો ભિલોડા મામલતદાર શું કરે છે? કોઈપણ ઘટના સર્જાય પછી પણ સ્થાનિક તંત્ર કેમ જાગતું નથી ? ખનન થાય તો મામલતદાર આવી કામગીરી ન અટકાવી શકે ? જો ગેરકાયદે ખનની હેરાફેરી પર લગામ લગાવી શકતા હોય તો ગેરકાયદે ખનન કેમ ન અટકાવી શકે અથવા તો સ્થળ પર મુલાકાત કરીને જે-તે વિભાગને કેમ જાણ ન કરી શેક તે પણ એક સવાલ છે.સરકાર મહિલા સશક્તિકરણ ની વાતો કરે છે પણ સ્થાનિક નેતાઓએ આ બાબતનું સમર્થન નથી કરતા અને લીરેલીરા ઉડાવી રહ્યા હોય તેવું લાગે છે એટલું જ નહીં તંત્ર પણ માત્ર તમાશો જોવામાં મસ્ત છે કારણ કે, ગુલાબી છત્રછાયા હરહંમેશ તેમના પર હોય છે તેવી લોકચર્ચાએ જોરપકડ્યું છે. હવે આ બાબતે ભિલોડા વહીવટી તંત્ર, જિલ્લા વહીવટી તંત્ર અને ખાણ ખનીજ વિભાગ શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.


# પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ-ચીફ ઓફિસર તથા અન્ય ચાર વિરૂધ્ધ હાઈકોર્ટ દ્વારા નોટીસ ફટકારી




પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ-ચીફ ઓફિસર તથા અન્ય ચાર વિરૂધ્ધ હાઈકોર્ટ દ્વારા નોટીસ ફટકારી. પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા દ્વારા તા.૨૯।૧।૨૦૨૧ ની સામાન્ય સભા ની નોટીસ બાબતે મ્યુનિસિપલ અધિનિયમ ની જોગવાઈ મુજબ સાત દિવસ ના જાળવાતા હોવાના કારણે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૫૧(૩) નો ભંગ કરેલ હોય જેથી કમિશ્નર નગરપાલિકાના હુકમ વિરૂધ્ધ માં પ્રાંતિજ નગરપાલિકા અપક્ષ કોર્પોરેટર મોહસીન એમ.છાલોટીયા દ્વારા સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નામદાર ગુજરાત હાઈકોર્ટ માં દાખલ કરતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ હસમુખભાઈ કડીયા તથા નગરપાલિકા ના ચીફ ઓફિસર તેમજ અન્ય ચાર વિરૂધ્ધ નોટીસ ફટકાડવામા આવી છે.

# અરવલ્લીમાં યમરાજાનો પડાવ : ૨૪ કલાકમાં ત્રણ અકસ્માતમાં ત્રણ યુવાનોના મોત







મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લામાં યમરાજાએ જાણે પડાવ નાખ્યો હોય તેમ ત્રણ જુદા-જુદા અકસ્માતમાં ત્રણ યુવકોના મોત નિપજ્યા હતા મોડાસા તાલુકાના ઉમેદપુર ગામના બાબુભાઈ પટેલ નામના ખેડૂતને ખેતરમાં ખેતી કામ દરમિયાન કોબ્રા સાપ કરડતા શરીરમાં ઝેરી પ્રસરી જતા અમદાવાદ સારવાર દરમિયાન મોત નિપજતા સમગ્ર પંથકમાં ભારે શોકની લાગણી છવાઈ હતી ભિલોડાના જીંજોડી ગામની સીમમાં બેકાબુ સ્કોર્પિઓએ રોંગ સાઈડ ધસી એક્ટીવાને અડફેટે લેતા ચોરીમાલા ગામના આશાસ્પદ યુવકનું ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી જતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતા અકસ્માતે મોતના ગુન્હા નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. મોડાસા-શામળાજી હાઈવે પર ગાજણ ગામ નજીક શામળાજી તરફથી પુરપાટ ઝડપે પસાર થતી કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ખેડા જીલ્લાના છીપડી ગામના કાર ચાલક યુવક રાહુલ દિનેશભાઈ ઝાલાનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અન્ય એક અકસ્માતમાં શામળાજી નજીક કાર ટ્રક પાછળ ઘુસી જતા કારના આગળના ભાગના ફુરચે ફુરચા નીકળી જતા કાર ચાલકનું દબાઈ જતા મોત નિપજતા અકસ્માતના સ્થળે દોડી આવેલા લોકોએ ભારે જહેમત બાદ કાર ચાલકને બહાર કાઢતા ઘટનાસ્થળે

## ઉમેદપુરના ખેડૂતને ખેતરમાં સાપે દંશ મારતા મોત

પહોંચેલ પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. ભિલોડા તાલુકાના ચોરીમાલ ગામનો તુષાર નવજીભાઈ નિનામા એક્ટિવા લઈ કામકાજ અર્થે બહાર ગયા પછી ઘરે રાત્રીના સુમારે પરત ફરતા સમયે જીંજોડી ગામ નજીક પસાર થતા સમયે રોંગ સાઈડ બેફામ ગતિએ સ્કોર્પિઓના ચાલકે હંકારી એક્ટીવાને ધડાકાભેર ટક્કર મારતા તુષાર ભાઈના શરીરે ગંભીર ઈજાઓ થતા મોતને ભેટતા પરિવારજનો દોડી આવી આક્રંદ કરતા શોકગની છવાઈ હતી ભિલોડા પોલીસે અજાણ્યા સ્કોર્પિઓ ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# ખીલોડિયા ગામે ડામર રોડની માંગણી પૂરી નહિ થાય તો ચુંટણી બહિષ્કાર કરવાની ચિમકી

**આ અંગે ખિલોડીયાના સરપંચે જણાવ્યું છે કે કોઈપણ પક્ષના નેતાએ ગ્રામ પંચાયત વિસ્તારમાં પ્રચાર માટે પ્રવેશ કરવો નહીં**



ધનસુરા,તા. ૪

ધનસુરા ના ખીલોડિયા ગામે ડામર રોડ ની માંગણી નહિ પૂરી થાય તો ચુંટણી બહિષ્કાર કરવા ની ચિમકી આપવામાં આવી છે. ધનસુરા તાલુકાના ખિલોડિયા ગામના ડામર રોડ તરફ સરકારી તંત્ર કોઈ ધ્યાનમાં લેતું નથી તેવી રજૂઆત કરવામાં આવી છે જેમાં સરપંચ દ્વારા એક પત્રમાં જણાવવામાં આવ્યું છે કે જે તે અધિકારીઓ અને ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવા છતાં કોઈ ધ્યાન આપતું નથી.દરેક વખતે જનતાને આશ્વાસન મળે છે જેથી હવે જનતા આશ્વાસન થી કંટાળી ગઈ છે અને વડાગામ થી ખિલોડીયા થઈ વાયા અલવા ગામનો રોડ ચૂંટણી પહેલા બનાવવામાં નહીં આવે તો ખિલોડિયા ગ્રામ પંચાયત વિસ્તારની જનતા રોડ થી પરેશાન થઈ ગયેલ હોવાથી જનતા ચૂંટણીનો બહિષ્કાર કરી શકે છે જેની સંપૂર્ણ જવાબદારી જે તે વિભાગની અને સરકાર ની રહેશે જે અંગે ખિલોડીયા ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ વાઘેલા સોનલબેન.એસ એ પોતાના લેટરપેડ માં જણાવ્યું છે જેમાં જણાવવામાં આવ્યું છે કે કોઈપણ પક્ષના નેતાઓએ ખિલોડિયા ગ્રામ પંચાયત વિસ્તારમાં પ્રચાર માટે પ્રવેશ કરવો નહીં જનતા અક્રોશે ભરાયેલી હોવાથી કોઈની સામે ખરાબ વર્તન કરશે તો જે તે પ્રચાર માટે આવેલા માણસની જવાબદારી રહેશે એવું જણાવવામાં આવ્યું છે સાથે જણાવ્યું છે કે રોડ નહીં તો ચૂંટણી બહિષ્કાર કરવામાં આવશે.સરપંચ દ્વારા આ લેટરપેડ કલેક્ટર,માર્ગ અને મકાન વિભાગ,ડેપ્યુટી એન્જીનીયર,જિલ્લા પ્રમુખ, ડી.ડી.ઓ,તાલુકા પ્રમુખ,ધારાસભ્ય, તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર ને મોકલી આપ્યો છે.

# સાબરકાંઠા જિલ્લામાંથી સરકારી મિલકત પરથી ૨૫૮૨ હોર્ડિંગ્સ - બેનરો દૂર કરાયા









| | સરકારી મિલકત | | | | | ખાનગી મિલકત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકો | વોલ પેન્ટીંગ | પોસ્ટર | બેનર | અન્ય | કુલ | વોલ પેન્ટીંગ | પોસ્ટર | બેનર | અન્ય | કુલ |
| હિંમતનગર | ૩૬૭ | ૧૨૩ | ૯૭ | ૪૪ | ૬૩૧ | ૩૦૦ | ૮૭ | ૫૩ | ૦ | ૪૪૦ |
| ઇડર | ૪૦૪ | ૧૩૪ | ૫૦ | ૧૪૪ | ૭૩૨ | ૧૮૧ | ૨૮ | ૨૪ | ૮ | ૨૪૧ |
| ખેડબ્રહ્મા | ૧૦૩ | ૧૧૧ | ૧૦૯ | ૨૪૮ | ૫૭૧ | ૧૧૭ | ૫૯ | ૪૨ | ૫૯ | ૨૭૭ |
| પ્રાંતિજ | ૪૦૦ | ૮૦ | ૫૮ | ૧૧૦ | ૬૪૮ | ૧૬૪ | ૨૯ | ૧૨ | ૧૮ | ૨૨૩ |
| કુલ | ૧૨૭૪ | ૪૪૮ | ૩૧૪ | ૫૪૬ | ૨૫૮૨ | ૭૬૨ | ૨૦૩ | ૧૩૧ | ૮૫ | ૧૧૮૧ |

હિંમતનગર, તા. ૪

સમગ્ર રાજયમાં આદર્શ આચારસંહિતનો અમલ થતા જ રાજકીય પક્ષો તેમજ યોજનાકીય જાણકારી આપતી જાહેરખબરોને લગતા પોસ્ટર, હોર્ડિંગ્સ બેનરો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાંથી સરકારી મિલકત પરના કુલ ૨૫૮૨ હોર્ડિંગ્સ બેનર્સ દૂર કરવામાં આવ્યા છે. જયારે ખાનગી મિલકત પરથી ૧૧૮૧ હોર્ડિંગ્સ અને બેનર્સ દૂર કરવામાં આવ્યા છે.

# પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે પ્રાંતિજના ઈસમ સામે પોલીસ ફરિયાદ થઈ

**હોટલ ઉપર જઇ ને ગાળો-બોલી પથ્થર તથા ટાઇલ્સનો ટુકડો મારી ઈજાઓ પહોચાડી: ઈજાઓ પહોચાડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પોલીસ ફરીયાદ થઈ**

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ હોટલ માલિક તથા તેની પત્નીને પ્રાંતિજ નો ઈસમ ગાળો-બોલી પથ્થર તથા ટાઈલ્સ નો ટુકડો મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી મુજબ પ્રાંતિજ અનંતવીલા કોમ્પલેક્ષ માં આવેલ હોટલ ખાતે રાત્રીના સમયે અનંતવીલા ખાતે રહેતા સુનીલભાઈ સિંધી રાત્રીના સમયે રીક્ષામાથી ઉતરીને આવીને હોટલ બહાર આવી મા-બહેન સામુ ગાળાગાળી કરવા લાગેલ જેથી હોટલ માલિક સંતોષભાઈ તથા તેમના પત્ની મંજુલાબેન હોટલ માંથી બહાર આવી સુનીલભાઈ ને કહેલ કે અમારે ધંધાનો સમય હોય તમે આ રીતે ગાળાગાળી નકરો છતાંય ગાળો બોલવાનુ ચાલુ રાખી અને સુનીલભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ ત્યાં પડેલ પથ્થર લઈ છુટો મારતા તથા ટાઈલ્સ નો ટુકડો મારતા સંતોષભાઈ ને જમણી આંખ પાસે તથા ડાબા હાથે ઈજા પોહચી હતી તો આ બાબતે સંતોષભાઈ ગોસ્વામી પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં સુનીલ ભાઈ વિરૂધ્ધ અરજી આપવાજતા સુનીલ ભાઈ દ્વારા સંતોષભાઈ ની પાછળ પાછળ જઈને પોલીસ સ્ટેશન માંજ ફરીયાદી સંતોષભાઈ ને પોલીસ ની સામેજ લાફો મારી પોલીસ કર્મચારીઓ સાથે પણ ખરાબ વર્તન કર્યુ હતુ તો પ્રાંતિજ પોલીસે હોટલ માલિક સંતોષભાઈ ગોસ્વામી ની ફરીયાદ ને લઈ ને આઈપીસીકલમ ૩૨૩, ૫૦૪, ૩૩૭, ૫૦૬(૨) મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથધરી.